# 12. સખી માર્કંડી

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો:

1) લેખક નકશામાં માર્કંડીની લીટી શોધતા નથી, કારણ કે....

(A) લેખકને નકશા-વાચન આવડતું નથી.

(B) માર્કંડી ખૂબ જ મોટી નદી છે.

(C) એ સખી મટી નદી થઈ જાય તેવો ભય છે.

(D) એ નદી નકશામાં દેખાતી નથી.

2) મહાદેવે મૃકંડુ ઋષિને વરદાનમાં કેવું બાળક આપવા કહ્યું?

(A) તરત મૃત્યુ પામનાર બાળક

(B) સોળ વર્ષ સુધી જીવનાર સદ્‌ગુણી બાળક

(C) સો વર્ષ જીવનાર મૂઢ બાળક

(D) ઉપરના (B) અને (C) બંને

3) માર્કંડી લેખકને શું આપતી?

(A) શક્કરિયાં

(B) અમૃત જેવું પાણી

(C) મૃગનક્ષત્રનાં દર્શન

(D) ઉપરના (A), (B), (C) ત્રણેય

4) ધૃષ્ટતા માટે યમરાજને કોનો ઠપકો સાંભળવો પડ્યો?

(A) ત્રિશૂળધારી શિવજીનો

(B) માર્કંડેય ઋષિનો

(C) ઋષિપત્નીનો

(D) ભાઈ-બહેનનો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો:

1) માર્કંડેય જેમ જેમ ઉંમરમાં ખીલતો જાય તેમ તેમ મા-બાપનાં વદન શા માટે મ્લાન થતાં જાય છે ?

- માર્કંડેય જેમ જેમ ઉંમરમાં ખીલતો જાય તેમ તેમ મા-બાપનાં વદન મ્લાન થતાં જાય છે, કારણ કે તેમનાં મનમાં ચિંતા હતી કે જોતજોતામાં માર્કંડેય સોળ વર્ષનો થઈ જશે. તેની વયમર્યાદા પૂરી થતાં મહાદેવના વરદાન મુજબ એ જીવશે નહિ અને તેઓ ફરીથી નિ:સંતાન થઈ જશે.

2) માર્કંડીને કાંઠે અસાધારણ અદ્‌ભૂત એવું કશું નથી. તેમ છતાં લેખકને એ શા માટે ગમે છે ?

- માર્કંડીને કાંઠે ખાસ ફૂલો નથી. જાતજાતનાં રંગીન પતંગિયાં નથી. રૂપાળા પથ્થર નથી. પોતાના મધુર કલરવથી ચિત્તને અસ્વસ્થ કરે એવા નાના-મોટા ધોધ પણ નથી. આમ, અસાધારણ અદ્‌ભુત કહી શકાય એવું કશું જ નથી, છતાં લેખકને માર્કંડી ગમે છે, કારણકે ત્યાં કેવળ પ્રેમળ શાંતિ છે.

3. નીચેના પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો:

1) માર્કંડી સાથેનો લેખકનો સહવાસ તમારા શબ્દોમાં વર્ણવો.

- લેખક માર્કંડી નદીને માતા નહિ, પણ નાનપણની સખી માનતા હતા. લેખકને એમના તાલુકાના નક્શામાં માર્કંડી નદીનું ચિહ્ન દર્શાવતી લીટી શોધવામાં રસ નહોતો. તેઓ માનતા કે તેમ કરવા જતાં માર્કંડી એમની સખી મટીને સામાન્ય નદી બની જાય. તેમને તો એના પાણીમાં પગ બોળીને બેસવાનું ગમતું. નાનપણમાં તેઓ માર્કંડી સાથે કેટલીયે વાતો કરતા. એકબીજાનો સહવાસ જ એમના આનંદ માટે પૂરતો હતો. માર્કંડી શું બોલે છે તે સમજવાની લેખક દરકાર ન કરતાં અને લેખક જે બોલે એનો અર્થ કરવા માર્કંડી થોભતી નહિ. તેઓ એકબીજાને ઉદ્દેશીને વાતો કરે છે એટલું જ એમને માટે પૂરતું હતું. ભાઈ-બહેન ઘણે વરસે મળે એટલે એકબીજાને હજાર સવાલ પૂછે, પણ એ સવાલો પાછળ જિજ્ઞાસા નથી હોતી. એ તો પ્રેમ વ્યક્ત કરવાનો એક પ્રકાર છે. લેખક અને એમની સખી માર્કંડી વચ્ચેના સંબંધો પણ આવા જ હતા. સવાલ શો પૂછ્યો અને જવાબ શો મળ્યો એ તરફ ધ્યાન આપવા જેટલી સ્વસ્થતા એમના પ્રેમમિલન વખતે ન રહેતી.

2) માર્કંડેય ઋષિની કથા તમારા શબ્દોમાં આલેખો.

- મૃકંડુ ઋષિને સંતાન ન હતું. એમણે તપશ્ચર્યા કરીને મહાદેવને પ્રસન્ન કર્યા. મહાદેવે વરદાન તો આપ્યું, પણ એમાં વિકલ્પ મૂક્યો. મૃકંડુ ઋષિ સોળ વર્ષ સુધી જીવનાર સદ્‌ગુણી બાળક પસંદ કરે અથવા સો વર્ષ જીવનાર મૂર્ખ બાળક પસંદ કરે. મૃકંડુ ઋષિ વિમાસણમાં પડી ગયા. તેમણે તેમના

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ધર્મપત્નીની સલાહ લીધી. ધર્મપત્નીએ કહ્યું છે કે, સદ્ગુણી બાળક ભલે સોળ વર્ષ જીવે, પણ એ જ કુલોદ્ધારક  થશે. આથી બંનેએ સોળ વર્ષ જીવનાર સદ્ગુણી બાળક માગી લીધું. એનું નામ માર્કંડેય પાડ્યું. માર્કંડેય જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ માબાપના ચહેરા મ્લાન થઈ જતા. આખરે સોળ વર્ષ પૂરાં થયા. માર્કંડેય પૂજામાં બેઠો હતો ત્યારે યમરાજ તેને લેવા પાડા પર બેસીને આવ્યા. શિવલિંગને ભેટીને બેઠેલા યુવાન માર્કંડેયને અડકવાની યમરાજમાં હિંમત નહોતી. આખરે યમરાજે એના પર પાશ ફેંક્યો. ત્યાં તો શિવલિંગમાંથી સાક્ષાત્ ત્રિશૂળધારી શિવજી પ્રગટ થયા અને યમરાજે કરેલી ધૃષ્ટતા બદલ તેમને ઠપકો આપ્યો. મૃત્યુંજય મહાદેવનાં દર્શન થતાં માર્કંડેયના મનમાં બીક ન રહી. એને જીવનદાન મળ્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in